જ્યારે એક સ્ત્રી આત્મનિર્ભર બને છે, ત્યારે જીવંત થાય છે સ્વદેશી અભિયાન

વડોદરા શહેરના ચેતનાબેન ચૌહાણે ખાનગી નોકરી છોડી પરંપરાગત ગૃહ ઉદ્યોગ શરૂ કરી મહિલા સશક્તિકરણની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ભારત સરકારની પીએમએફએમઈ યોજના અને રાજ્ય સરકારના સહકારથી તેમણે લાકડાની ઘાણી દ્વારા તેલ ઉત્પાદનનો વ્યવસાય શરૂ કર્યો, જે આજે 'વિશ્વાસ ફૂડ્સ' નામે બ્રાન્ડ બની ચૂક્યો છે.વર્ષ 2022માં શરૂ થયેલા આ ગૃહ ઉદ્યોગમાં આજે મગફળી, તલ, નાળિયેર, અળસી સહિત કુલ નવ પ્રકારના શુદ્ધ તેલ તેમજ કચરીયું, ચીક્કી, ખજૂરપાક જેવી મૂલ્યવર્ધિત ખાદ્ય વસ્તુઓનું ઉત્પાદન થાય છે. પરંપરાગત અને સ્વદેશી પદ્ધતિથી બનતા આ ઉત્પાદનોને બજારમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ચેતનાબેન દર વર્ષે રૂ. 30 થી 35 લાખનો ટર્નઓવર અને અંદાજે રૂ. 7 લાખનો નફો મેળવી રહ્યા છે. વડોદરા ઉપરાંત આણંદ, ભરૂચ, નવસારી સહિતના શહેરોમાં પણ તેમના ઉત્પાદનો પહોંચે છે. સ્વદેશી વિચારધારા, શુદ્ધતા અને પારદર્શક ઉત્પાદન પ્રક્રિયાના કારણે ગ્રાહકોનો વિશ્વાસ વધ્યો છે. ચેતનાબેન ચૌહાણની આ સફળતા મહિલા ઉદ્યોગ સાહસિકો માટે પ્રેરણાસ્ત્રોત બની છે અને આત્મનિર્ભર ભારત તથા મહિલા નેતૃત્વ વિકાસના દ્રષ્ટિકોણને મજબૂતી આપે છે.

સરકારની યોજના-વિકાસનો આધારસ્તંભ

વર્ષ 2023માં ભારત સરકારની પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (PMFME) યોજનાનો લાભ લઈ રૂ. 10 લાખ સુધીની લોન-લિંક્ડ સબસિડીથી ચાર મશીન ખરીદવામાં આવ્યા. ત્યારબાદ "વિશ્વાસ ફૂડ્સ" નામે બ્રાન્ડિંગ તરફ

ઉદ્યોગ સાહસિકની પ્રેરણાદાયી યાત્રા

જ્યારે એક સ્ત્રી પોતાના સ્વપ્નને સાકાર કરવા પ્રયત્ન કરે અને સરકારની કલ્યાણકારી યોજનાઓનો સાથ મળે, ત્યારે ઉત્કૃષ્ટ પરિણામો કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે તેની જીવંત અનુભૂતિ વડોદરા શહેરના લઘુ ઉદ્યોગ સાહસિક શ્રીમતી ચેતનાબેન ચૌહાણની સફળતા ગાથા કરાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન'ના અભિયાનને વધુ ગતિ આપવા રાજ્ય સરકારે રાજ્યવ્યાપી *"સશક્ત નારી મેળા"*નું આયોજન કર્યું છે. આ સંદર્ભમાં ચેતનાબેન ચૌહાણની ગાથા મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતાની જીવંત પ્રતિમૂર્તિ બની છે.

સજાની દીવાલો વચ્ચે સ્વાવલંબનનું 'મોડેલ' વડોદરા જેલમાં બને છે પ્રખ્યાત બ્રાન્ડની બેગ

આત્મનિર્ભરતા તરફ પ્રયાણ

ગુજરાતની જેલોની છબી બદલતી એક અભૂતપૂર્વ ઘટના વડોદરા મધ્યસ્થ જેલમાં આકાર લઈ રહી છે. જેલ હવે માત્ર સજા ભોગવવાનું સ્થળ નહીં, પણ કેદીઓના પુનર્વસન અને આત્મનિર્ભરતાનું પ્રાદેશિક મોડેલ બની ગઈ છે. રાજ્યમાં એકમાત્ર એવી જેલ તરીકે વડોદરા મધ્યસ્થ જેલની ઓળખ ઊભી થઈ છે, જ્યાં પ્રખ્યાત 'સફારી' કંપનીની બેગ એસેમ્બલીનું યુનિટ સફળતાપૂર્વક કાર્યરત છે. આ અનોખી અને પ્રેરણાદાયી પહેલની ચર્ચા હવે ગુજરાત પૂરતી સીમિત ન રહેતા દેશભરમાં થઈ રહી છે. સફારી બેગ એસેમ્બલી યુનિટ ઉપરાંત, વડોદરા મધ્યસ્થ જેલના પ્રિન્ટિંગ પ્રેસ દ્વારા પણ કેદીઓને રોજગાર આપવામાં આવી રહ્યો છે. પ્રિન્ટિંગના કામમાં જોડાયેલા કેદીઓ પણ આવક મેળવીને જેલમાંથી બહાર નીકળ્યા પછી આત્મનિર્ભર જીવન જીવવા માટે જરૂરી કૌશલ્ય અને આર્થિક પાયો તૈયાર કરી રહ્યા છે. જેલ પ્રશાસનનો આ પ્રયાસ માત્ર કેદીઓને કામ આપવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમને સમાજની મુખ્ય ધારામાં ફરીથી જોડવા અને અપરાધ મુક્ત જીવન જીવવા માટે પ્રેરિત કરવાનું એક સફળ ઉદાહરણ પૂરું પાડે છે.

જેલના પ્રિન્ટિંગ પ્રેસ દ્વારા પણ કેદીઓને આપવામાં આવતો રોજગાર

180 કેદીઓનું પુનર્વસન મહિને 50,000 બેગનું ઉત્પાદન,કેદીઓને 10,000 રૂપિયા સુધીની આવક

જેલ પ્રશાસન દ્વારા શરૂ કરવામાં આવેલી આ ક્રાંતિકારી યોજનામાં હાલમાં અંદાજે 180 જેટલા કેદીઓ ઉત્સાહભેર જોડાયા છે. આ કેદીઓ નિયમિતપણે સફારી બેગની એસેમ્બલીનું કામ કરે છે.

*દૈનિક ઉત્પાદન: કેદીઓ પ્રતિદિન લગભગ 2000 બેગની એસેમ્બલી પૂર્ણ કરે છે.

*માસિક ઉત્પાદન: દર મહિને 50,000થી વધુ બેગનું વિશાળ ઉત્પાદન થાય છે.

આ કામ બદલ કેદીઓને સન્માનજનક મહેનતાણું ચૂકવવામાં આવે છે. કેદીઓ પ્રતિ માસ 8,000થી 10,000 સુધીની આવક મેળવી રહ્યા છે. આ આર્થિક સહાય કેદીઓના પરિવારને મોટો આધાર પૂરો પાડે છે અને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે છે.

63મી રાષ્ટ્રીય રોલર ચેમ્પિયનશિપમાં 2 સુવર્ણ ચંદ્રકો જીતવાની 'ભવ્ય' સિદ્ધિ

વિશાખાપટ્ટનમ ખાતે તાજેતરમાં યોજાયેલી 63મી રાષ્ટ્રીય રોલર ચેમ્પિયનશિપમાં બાલ ભવનના અમારા વિશેષ બાળક મસ્ત. ભવ્ય બંસલે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બે સુવર્ણ ચંદ્રકો જીતી મોટી સિદ્ધિ હાંસલ કરી છે. રાષ્ટ્રીય સ્તરની આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેશભરના શ્રેષ્ઠ ખેલાડીઓ વચ્ચે ભવ્યએ પોતાની અસાધારણ ક્ષમતા અને કઠોર મહેનતનો પરિચય આપ્યો હતો.ભવ્ય બંસલે સ્પર્ધા દરમિયાન આત્મવિશ્વાસ, શિસ્ત અને દૃઢ નિશ્ચય સાથે રમત રમીને બંને ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યા હતા. તેમની આ સફળતા બાલ ભવન માટે ગર્વની ક્ષણ બની છે તેમજ વિશેષ બાળકો માટે પ્રેરણારૂપ ઉદાહરણ સાબિત થઈ છે.ખાસ કરીને નોંધનીય છે કે ભવ્ય બંસલે અનેક પડકારો વચ્ચે સતત અભ્યાસ અને સમર્પણથી આ સિદ્ધિ મેળવી છે. તેમની સફળતાએ સાબિત કર્યું છે કે જો યોગ્ય માર્ગદર્શન, પરિવારનો સહયોગ અને દૃઢ ઇચ્છાશક્તિ હોય તો કોઈપણ અવરોધ સફળતામાં આડું આવી શકતું નથી.આ સિદ્ધિ પાછળ ભવ્યના માતા-પિતા, કોચ, માર્ગદર્શકો તેમજ બાલ ભવનના શિક્ષકોનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે, જેમણે સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું હતું.ભવ્ય બંસલની આ ઐતિહાસિક સફળતા બદલ બાલ ભવન પરિવાર, રમતગમત જગત તેમજ શહેરના વિવિધ વર્ગોમાંથી અભિનંદનો વરસી રહ્યા છે. સૌએ ભવ્યના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે અને આવનારા સમયમાં તેઓ રાષ્ટ્રીય સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ દેશનું નામ ઉજાગર કરશે તેવી આશા વ્યક્ત કરી છે.